# પ્રો. રાજમોહન ગાંધીના પુસ્તકનું IITમાં વિમોચન

સિટી રિપોર્ટર ▸ અમદાવાદ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર પ્રો. રાજમોહન ગાંધી લિખિત પુસ્તક 'પ્રિન્સ ઓફ ગુજરાતઃ ધ એક્સ્ટ્રા ઓર્ડિનરી સ્ટોરી ઓફ પ્રિન્સ ગોપાલદાસ દેસાઇ (1887-1951)'ને બુધવારે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં ફ્રિડમ ફાઈટર રાજા દરબાર ગોપાલદાસ દેસાઈનાં જીવનની જર્ની વિશે વાત લખાઇ છે. પ્રોફેસર રાજમોહન ગાંધીએ જણાવ્યું હતું કે, મારા પિતા દિલ્હીનાં અખબારમાં એડિટર તરીકે ફરજ બજાવતાં હતાં. ત્યારે મેં તેમને ગુજરાતનાં ફ્રીડમ ફાઈટર વિશે પુછ્યું ત્યારે મને ગોપાલદાસ દેસાઈ વિશે જણાવ્યું હતું. મેં સરદાર પટેલ વિશે પણ ઘણું વાચ્યું, ત્યારે ગોપાલદાસ દેસાઈનું નામ અવાર-નવાર વાંચવામાં આવતું. પછી હું એક વાર અમેરિકાની વિઝિટ પર ગયો હતો ત્યારે ગોપાલદાસનાં દીકરા સાથે મારી મુલાકાત થઈ અને તેમનાં વિશે ઘણી વાતો કરી, ત્યારથી મને આ પુસ્તક લખવાની પ્રેરણા મળી. તેમણે કરેલાં સત્યાગ્રહો અને તેમનાં પરિવાર અને તેમનાં રાજવી હોવાની વિગતો પણ રસપ્રદ રીતે લખાઈ છે.